શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-**આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની**

# પાઠશાળા

પુસ્તક : ૨૯ જુલાઈ - ૨૦૦૨
અષાઢ : વીર સં. ૨૫૨૮ : વિક્રમ સં. ૨૦૫૮






આનંદકી ઘડી આઈ!
સખીરી આજ....

જીવનમાં પ્રભુકૃપાએ કેટલીક
જવાબદારીની ક્ષણો પમાતી હોય છે
એ ક્ષણો જીવાય ત્યારે હૈયું
ભરાયું હોય છે અને તેને વારંવાર
યાદ કરવી ગમતી હોય છે
અને દરવખતે તેમાંથી તાજી પ્રેરણા
મળતી હોય છે.
મારા જીવનમાં પણ જીવનની ઘડી
ગણાય તેવી એ પાંચ સાત ઘટનાઓ
બની છે તે પૈકીની એક શિરમોર
ઘટના આ દાદાના પ્રતિષ્ઠાની છે.
આવી ઘટનામાં સાક્ષી બનવું તે પણ
એ સૌભાગ્ય ગણાય તો પછી તેના
નિમિત્તમાં હોવું તે તો પરમ સૌભાગ્ય
ગણાય. આવું પરમસૌભાગ્ય જીવનને
કૃતકૃત્ય બનાવે છે.
આજે આ પાનાં પર બસ આટલું જ.

— પ્રદ્યુમ્નસૂરિ

# ।। સચ્ચી પુકાર હૈ તો બેડા પાર હૈ ।।

વિ. સં. ૨૦૪૪ ના દાદાના અભિષેકની વાતો કરીએ છીએ તો તેના અનુસંધાનમાં શ્રી રજનીકાન્ત દેવડીએ કરાવેલા વિ. સં. ૨૦૪૭ ના ઐતિહાસિક અભિષેકની વાત પણ ટૂંકાણમાં કરવી જોઈએ; જેથી અભિષેકનો વિષય પૂર્ણ થયો ગણાય.

વિ. સં. ૨૦૪૧ - ૨૦૪૨ - ૨૦૪૩ ના દુકાળનાં આકરાં ત્રણ વર્ષ વીત્યાં પછી જે અભિષેક થયા તેનો સંપૂર્ણ લાભ શ્રી રજનીકાન્ત દેવડીએ લીધો હતો. (કદાચ તેમના મિત્ર શાંતિચન્દ્ર બાલુભાઈને પણ તેમાં લાભ આપ્યો હોય; પણ એ વાત એ બન્ને જ જાણે) એ અભિષેક વખતે પોતાને ધંધાના કામે વિદેશ જવાનું થતાં સ્વયં ભાગ ન લઈ શક્યા. તેમના પ્રતિનિધિ શ્રી ચંદુભાઈ ઘેટીવાળા એ અનુષ્ઠાનોમાં પૂર્ણ પરોવાયા હતા. એ અભિષેકની પરાકાષ્ઠાનું વર્ણન કરતાં પહેલાં શ્રી દેવડીને અંજલી આપવારૂપ પ્રસંગ પહેલાં લઈએ.

હા, તો વિ. સં. ૨૦૪૪ ના અભિષેક પૂર્ણ સફળતાને પામ્યા એ જાણ્યા પછી રજનીકાન્તભાઈની ઈચ્છા આ અભિષેકનો બધો લાભ જાતે લેવાની ઘણી હોંશ હતી.

વિ. સં. ૨૦૪૪ ના દાદાના અભિષેક સાંગોપાંગ સફળતાને વર્યા તેનાં એકથી વધારે કારણો છે. એમાંનું એક કારણ શ્રી રજનીકાન્ત દેવડીનું નિરહંકારી નેતૃત્વ પણ છે. એમની દાદા આદેશ્વર પ્રત્યેની અનન્ય ભક્તિનાં દર્શન મને એકથી વધારે વાર થયાં છે. એકવાર અમે ગિરિરાજની યાત્રામાં સાથે થઈ ગયા. આમ તેઓ ડોળીમાં હતા પણ શાંતિનાથ ભગવાનના દેરાસર પાસે મળી ગયા. ત્યાંથી જેવા દાદા પાસે ગયા, મન ભરીને દર્શન કર્યાં અને સ્તુતિ બોલવાનું શરૂ કર્યું : "દાદા તારી મુખ-મુદ્રાને અમિય નજરે નિહાળી રહ્યો ..." એવી એક સ્તુતિ, પછી બીજી ... બીજી સ્તુતિ બોલાઈ રહી ત્યાં તો એમની આંખો ભીની થઈ; અશ્રુબિંદુ વહેવા લાગ્યાં. અમે સાથે જ ઊભા હતા. તારામૈત્રક રચાયું હતું. સજળ નયને દાદાના દર્શનનો દોર ચાલુ હતો. હાથ જોડાયેલા હતા; સ્તુતિઓ મધુર સ્વરે બોલાતી રહી. બોલવાનું ક્યારે બંધ થયું તે ખબર ન રહી. પ્રભુના દર્શન પ્રભુના ભક્તના હૃદયમાં થવા લાગ્યા અને એ ક્ષણોને અમે સંગોપીને ચિત્ત-મંજૂષામાં મૂકી દીધી.

આવી ભાવુક વ્યક્તિને એક ઉત્તમ મનોરથ થયો. દાદાના અભિષેક તો કરાવીએ પણ તે નિમિત્તે તપાગચ્છના સમગ્ર સાધુ-સમુદાયને આમંત્રણ આપીએ. તેમના નિર્મળ મનની સદ્ભાવનાના બળથી જ વિશાળ સાધુ સમુદાય ક્યાંય દૂર-સુદૂરથી આ પ્રસંગે પધાર્યો હતો.

આ પ્રસંગ શ્રેષ્ઠપણે ઉજવાય એવો શ્રી રજનીકાન્ત દેવડીના મનમાં સંકલ્પિત ભાવ હતો. વિ. સં. ૨૦૪૬ ના વૈશાખ સુદ ૪ ના દિવસે અમે તળાજાથી ઝાંઝમેર જતાં રસ્તામાં પીથલપુર ગામમાં વિહારમાં હતા. તેઓ તેમના કલ્યાણમિત્ર ચંદુભાઈ ઘેટીવાળા સાથે અહીં આવેલા. મનમાં ઉમંગ ઉભરાતાં એ અમારી સમક્ષ રજૂ કરતા હતા. "અભિષેક નિમિત્તે જે જળ લાવવાનું છે તેની જલયાત્રા (વરઘોડો) જોનારના દિલમાં વર્ષો સુધી દૃશ્ય જડાઈ જાય એવી કરવી છે !" મુનિશ્રી રાજહંસવિજયજી પાસે કલિકાલસર્વજ્ઞના "ત્રિષષ્ટિ"ની પોથી હતી. એના પ્રથમ પર્વમાં ભગવાન ઋષભદેવ દીક્ષા લેવા શકટાનન ઉદ્યાનમાં પધારે છે તેનું વર્ણન છે. તેમાં નટકુળનું વર્ણન, વંશનર્તકોનું



વર્ણન, તાલારાસકોનું વર્ણન, ચચ્ચરીનૃત્યનું વર્ણન - આ બધું સંસ્કૃતમાંથી ગુજરાતી કરીને તેમને સંભળાવ્યું. સમગ્ર વર્ણન તેમણે મન-બુદ્ધિમાં બરાબર સ્થિર કરી લીધું અને મનોમન તૈયારી આરંભી દીધી.

આ અભિષેકનો પ્રસંગ તો વિ. સં. ૨૦૪૭ પોષ સુદી ૬ ના ઉજવાયો પણ તે માટેની વિશાળ પાયાની યોજનાબદ્ધ અને વ્યવસ્થિત તૈયારી વહેલી શરૂ કરી હતી.

વિ. સં. ૨૦૪૪ માં જે ઔષધિ-દ્રવ્યો, ફળ નૈવેદ્ય વગેરે હતા તેના કરતાં અનેક ગણી સંખ્યામાં આ અભિષેકમાં આણવામાં આવ્યાં હતાં. હીરા-માણેક-મોતી-પ્રવાલ-પન્ના-પોખરાજ જેવાં દુર્લભ દ્રવ્યો કલ્પના-બહારનાં પ્રમાણમાં લવાયાં હતાં.

આ પ્રસંગ દરમિયાન તેઓશ્રીને વરસીતપની આરાધના ચાલતી હતી જેનું નિમિત્ત પ્રભુ ઋષભદેવ પ્રત્યેની અનન્ય પ્રીતિ-ભક્તિ હતું ! પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અશોકચન્દ્રસૂરિ મહારાજના આશીર્વાદ લઈ આ તપ આદર્યું હતું. તેમની શારીરિક કોમળતા વગેરે જોતાં આ તપ તેમના માટે અતિ દુષ્કર હતું. પ્રભુના ધર્મનો રંગ હવે તેમને ચોળ-મજીઠ જેવો લાગી ગયો હતો. તેમની ધર્મપ્રીતિ, ઉદારતા, સરળતા,સ્વભાવગત પારદર્શકતા જેવા અનેક સદ્‌ગુણોને કારણે તેઓ શ્રીસંઘના રત્ન હતા.

આ ઐતિહાસિક અભિષેકમાં ભાગ લેવા જેમ ઘણા ઘણા સાધુ-સાધ્વીજી મહારાજ પધાર્યા હતા તે જ પ્રમાણે ભારતભરના સંઘોના હજારો નહીં, લાખો (બે લાખ પંદર હજારનો આંકડો નિશ્ચિત નોંધાયો હતો.) શ્રાવક-શ્રાવિકાઓ પધાર્યા હતા. સદીનો આ શ્રેષ્ઠ પ્રસંગ હતો.

રજનીકાન્તભાઈના મનમાં શુભ ભાવની છોળો ઊછળતી હતી જે એમની નજીક રહેનારને ભીંજવતી રહેતી; કહો કે પખાળતી હતી - એ જળયાત્રા સતત ચાલુ રહેતી ! કોઈ માણસ થાળી ફેંકે તો માથા પરથી બારોબાર નીકળી જાય, નીચે ન પડે તેટલું માણસ હતું ! શ્રી કલ્પસૂત્રમાં જે વર્ણન દર વર્ષે સાંભળવા મળે તે અહીં નજરે જોવા મળ્યું. “ધન્ય લોક નગર ધન્ય વેળા” **“नयनमाला सहस्सेहिं ”** એ સત્ય લાગે. અહીં તો સહસ્ર નહીં બલ્કે લક્ષ હાજરી હતી. તે વરઘોડાના સંકુલ કોલાહલ વચ્ચે રજનીકાન્ત દેવડીને અમારા ગુરુ મહારાજ હેમચન્દ્રસૂરિ મહારાજે કહ્યું કે “તમારા બધા મનોરથ પૂર્ણ થયા, હવે કોઈ મનોરથ બાકી છે ?” એ વેળાએ રજનીભાઈ સત્વર બોલ્યા, “સાધુપણું હજી બાકી છે.” અગાઉ, મિત્ર ચંદુભાઈ સાથે આ વિષયે વાતો થતી રહેતી : “આપણે બન્ને એ માર્ગે પ્રયાણ કરીએ.” ત્યારે ચંદુભાઈએ એવું કહેલું કે, “આ સંયમજીવનમાં મારું કામ નહીં, સંયમજીવન તો દુષ્કર છે. વળી તમને પણ કેમ ફાવશે ?” રજનીભાઈનો સહજ જવાબ હતો :

“મન કરીએ તો શું અઘરું છે ? બધું જ થઈ શકે.”

જે દિવસે અભિષેક હતા તે દિવસની વાત તો મારા મનમાં ઊંડે સુધી ઊતરી ગઈ. સમગ્ર અભિષેકમાં કામની વહેંચણી કરવામાં આવી હતી; તેમાં મને શ્રી પુંડરીકસ્વામી ભગવાન સમક્ષ શ્રી શક્રસ્તવનો પાઠ કરવાનું કહેવામાં આવ્યું હતું. ભાવિકોની સખત ભીડને કારણે હું ત્યાં સુધી પહોંચી ન શક્યો અને જ્યાં રજનીભાઈ સપવિાર અભિષેક કરવાના હતા તે દ્રાવિડ-વારિખિલ્લજીની ચરણ પાદુકા પાસેની પરબની જગ્યાએ જ રોકાયો હતો. અભિષેકનું વિધાન પૂર્ણ થઈ જાય તે પછી ગિરિરાજ સમક્ષ શ્રી શક્રસ્તવનો પાઠ કરીશું, એવી ધારણા હતી.



થાળી ડંકો વાગ્યો એટલે સર્વત્ર એક જ સમયે અભિષેક થયા. થોડીવાર રહી બધા વિખરાવા લાગ્યા એટલે એ પરબના ઓટલે ગિરિરાજ સમક્ષ શ્રી શક્રસ્તવના પાઠની તૈયારી કરી. રજનીભાઈ તેમના પરિવાર જનો સાથે હજુ પાસે જ હતા. તેમણે પૂછ્યું, "શું કરો છો ?" મેં કહ્યું, "એક ઉત્તમ સ્તોત્રનો પાઠ કરીશું." તેઓ કહે, "અમે સાંભળી શકીએ ? " મેં કહ્યું, "ખુશીથી." મારી બાજુમાં રાજહંસવિજયજી તથા અન્ય સાધુઓ હતા. શ્રી શીલચન્દ્ર વિજયજી પણ ક્યારે આવીને પાછળ બેસી ગયા તેનો અણસાર પણ આવ્યો નહીં. શક્રસ્તવ હવે પૂર્ણ થવા આવ્યું હતું. મેં કહ્યું, "અહીંયાં રહેલા અનેક સમ્યગ્દષ્ટિ દેવો આ અનુષ્ઠાનની અનુમોદના કરે છે. તમારા જીવનનું એક શ્રેષ્ઠ કાર્ય આજે સાનંદ સંપન્ન થયું." મને એમ કે રજનીભાઈના મનમાં **लब्धं जन्मफलं** અને **गतो भवभयः** એવું એવું રમતું હશે. પરંતુ મારા એ શબ્દો સાંભળી, શક્રસ્તવના પુસ્તકના સાપડાની પાસે રહેલા મારા ઓઘાને હાથ વડે ખેંચીને તેઓ બોલ્યા,

"આ બાકી છે. આ આવે તો કામ થયું કહેવાય."

એમના હૃદયમાંથી બહાર વહી આવેલી આ ભાવનાને અમે આસપાસ બેઠેલા સહુએ સજળ નેત્રે અભિનંદી !

અત્યારે આ લખું છું ત્યારે પણ એમના આ સાધુતા પામવાના અભિગમથી ભાવવિભોર બનેલી વિકસ્વર આંખો અને શ્રદ્ધાના તેજથી ઝળહળતો એ ગોળ ચહેરો મને સ્પષ્ટ દેખાય છે. કાળની રજ ન ચોંટે તેવી રીતે એ છબી ચિત્ત પર અંકિત થઈ છે.

અમે સહુ નીચે ઊતરી સૌ સૌના સ્થાને પહોંચ્યા. ચો-તરફ માણસો જ માણસ દેખાતા હતા. એ બધાની વચ્ચે શ્વેતવસ્ત્રધારી સેંકડો સાધુ-સાધ્વીજી મહારાજનાં અનાયાસ દર્શન થતાં હતાં.

સાંજે પન્ના-રૂપા ધર્મશાળાના વિશાળ ચોગાનમાં બાંધેલા શમિયાણામાં શ્રી રજનીકાન્ત દેવડીનું બહુમાન હતું. વધતા ઉત્સાહ અને ચડતા પરિણામે અભિષેકનું મહાન કામ પૂર્ણ થયું હતું એનો તૃપ્તિપૂર્ણ આનંદ હતો. તેમના અઠ્ઠમ તપ ઉપવાસનો આજે ત્રીજો દિવસ હતો.

બહુમાન સમારોહના મંગલાચરણ સ્વરૂપ નવકાર મંત્રનો મંજુલ ઘોષ હવામાં વહેતો થયો;

... ત્યાં જ

... રજનીકાન્તભાઈના હૃદયમાં અચાનક ભારે દુઃખાવો ઊપડ્યો. પાસે જ બેઠેલા શ્રેણિકભાઈના ખભે માથું ઢાળી દીધું. સહુનાં મન ઊંચા થયા. તાબડતોબ તેમને મોટા દવાખાને લઈ જવામાં આવ્યા.

ગણતરીની ક્ષણોમાં કેટકેટલા આચાર્ય મહારાજાઓ ત્યાં **चत्तारि मंगलं** વગેરે સંભળાવવા તથા વાસક્ષેપ કરવા પધારી ગયા. ભાગ્યેજ કોઈના જીવનનાં અંતિમ સમયે આવા દર્શન-શ્રવણનો લાભ મળ્યો હશે !

સામે ચાલીને માગવાનું મન થાય એવી જોગવાઈ ગોઠવાઈ ગઈ હતી... ગિરિરાજની શીતળ-સુખદ છાયા, ગુરુ મહારાજાઓનું પાવન સાન્નિધ્ય, તપથી ભૂષિત કાયા અને માયાથી રહિત મનમાં પ્રભુ ઋષભદેવનું ધ્યાન હતું. લોકોત્તર ધર્મ-સ્નેહથી છલકાતું વાતાવરણ અને એ બધાંની વચ્ચે અનેક પૂ. સાધુ-સાધ્વીજી મહારાજના સ્નેહપૂર્ણ નવકાર મંત્રના મંગલ સ્વરો સાંભળતાં સાંભળતાં તેઓનો આત્મા અહીંની અધૂરી ધર્મસાધના આગળ ધપાવવા સદ્ગતિમાં પ્રયાણ કરી ગયો! કાયાનું પિંજરું પડી રહ્યું અને હંસલો નવા કલેવર ધરીને માન-સરોવરની



યાત્રાએ ચાલી નીકળ્યો. કવિ બોટાદકરની પેલી કાવ્યપંક્તિનું સહજ સ્મરણ થઈ આવે તેવું વાતાવરણ હતું.

*“આ પ્રેમ પારાવારમાં નહાતાં મરણ પણ મિષ્ટ છે.”*

બીજે દિવસે ભારે દબદબાપૂર્વકની તેમની અંતિમ યાત્રા નીકળી અને બપોરની વેળાએ સેંકડો સાધુ-સાધ્વી ગણની ઉપસ્થિતિમાં તેમના ગુણોનું કીર્તન થયું.

**“कुलं पवित्रं, जननी कृतार्था, वसुन्धरा सार्थवती त्रयेन ।।** -- એવું જ બધાંને લાગ્યું.

એ પ્રસંગે મારા મિત્ર પં. શ્રી રત્નસુંદરવિજયજી મહારાજે શ્રી તિલકમુનિનું રચેલું પદ રજૂ કર્યું હતું તે અક્ષરશઃ તેમના જીવનમાં બન્યું હતું. પદમાં તો એને મનોરથના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે તે શ્રી રજનીભાઈના જીવનમાં ઘટના સ્વરૂપે બન્યું ! પદના એક એક શબ્દ મમળાવવા જેવા છેઃ

## ऐसी दया हो भगवन् ! जब प्राण तन से नीकले ...

***गिरिराज की हो छाया, मनमें न होवे माया;***
***तप से हो शुद्ध काया, जब प्राण तन से नीकले... १***
***उर में न मान होवे, दिल में अेक तान होवे;***
***तुम चरण-ध्यान होवे, जब प्राण तन से नीकले... २***
***संसार-दुःख हरणां, जैनधर्म का हो शरणां;***
***हो कर्म-भर्म खरणां, जब प्राण तन से नीकले... ३***
***अनशन हो, सिद्धवट हो, प्रभु आदिदेव घट हो;***
***गुरुराज भी निकट हो, जब प्राण तन से नीकले... ४***
***यह दान मुजको दीजिअे, इतनी दया तो कीजे;***
***अरजी तिलक की लीजे, जब प्राण तन से नीकले... ५***

આ રીતે શ્રી રજનીકાન્ત દેવડી એક પૂર્ણ અનુષ્ઠાન કરી મોક્ષને જરૂર સમીપ લાવી શક્યા હશે એવું માનવું ગમે છે.

ગિરિરાજ અને દાદાના અભિષેકથી શ્રી રજનીકાન્ત દેવડી અમર થઈ ગયા.

*(શ્રી રજનીભાઈ દેવડીને અંજલીરૂપ આ હૃદયંગમ પ્રસંગ પછી હવે આપણે સ્મરણયાત્રાને આગળ ધપાવીએ અને ત્રણ-ત્રણ વર્ષના કારમા દુકાળ પછી ઉત્કટ શ્રદ્ધાથી થયેલા એ અભિષેકને પ્રકૃતિએ આપેલા પ્રતિસાદને ભાવપૂર્વક સમજીએ ..)*

— પ્રદ્યુમ્નસૂરિ

**“પાઠશાળા”** નો હવે પછીનો અંક (૩૦મો) વિશિષ્ટ અંક થશે. વાચકને વારંવાર વાંચવું ગમે તેવું લખાણ તો તેમાં હશે જ, સાથે એ પૂર્ણ-રંગી ચિત્રોથી મઢાયેલું રહેશે; બાહ્ય રૂપસજ્જાથી આકર્ષક અને સંગ્રહણીય બનાવવાના અમારા કોડ છે. દાદાના અભિષેક વિષયક પાંચેય લેખો સળંગ હશે; તે ઉપરાંત એ અંક પર્યુષણના દિવસોમાં પ્રગટ થશે એટલે ક્ષમાપના અંગેની સામગ્રી પણ એમાં હશે. એનું મૂલ્ય રૂ. ૨૦/- (રવાનગી ખર્ચ સાથે) રહેશે. મિત્રો-સંબંધીઓને મોકલવા માટે જોઈતી નકલ અગાઉથી નોંધાવવા વિનંતી. (તમારા વતી અહીંયાથી સીધા પોસ્ટ કરવાની વ્યવસ્થા છે; એ મુજબ સરનામાં મોકલી આપવા.)

**વર્ષ ૬ : અંક ૧**
**પાઠશાળા** (પાંચ વર્ષના રૂ. ૧૨૫.૦૦ - સ્વૈચ્છિક)
મેળવવા તથા આ અંગે વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરી શકાશે.
સંદીપભાઈ શાહ, અમદાવાદ ફોનઃ ૬૬૩૪૦૩૭ / ચીમનભાઈ દોશી, મુંબઈ ફોનઃ ૫૧૧૩૦૩૭
શરદભાઈ શાહ, ભાવનગર, ફોનઃ ૪૨૬૭૯૭



# દાદાના અભિષેક : એક સ્મરણયાત્રા

## "यह सच है, भगवान है ..."

વિચારોમાં દાદા, અભિષેક, ઔષધિઓ ... એવું જ બધું રમતું હતું, ક્યારે પરોઢ થયું, ક્યારે જાગવાનો સમય થઈ ગયો તેનો ખ્યાલ ન રહ્યો. જાગ્યા. વ્હેલાં-વ્હેલાં તૈયાર થયા. અંગ-અંગ નાચી ઊઠે એવો થનગનાટ હતો. વાતાવરણમાં પણ એવો તરવરાટ હતો ! અંગમાં આનંદનું નર્તન હતું અને મુખમાં દાદાનું કીર્તન હતું.

જલદીથી તૈયાર થઈ તળેટીએ પહોંચ્યા. પૂર્વ દિશાએથી આછેરો ઉજાશ અનુભવાતો હતો; હજુ પ્રભાતના દરવાજા પૂરા ઉઘડ્યા ન હતા. જંબૂવિજયજી મહારાજે અને ધર્મચન્દ્ર મહારાજે ઉપર ચઢવાનું શરૂ કરી યાત્રા આરંભી દીધી હતી. અમે દર્શન કરી ચૈત્યવંદન શરૂ કર્યું. બાજુમાં એક વૃદ્ધ હલકદાર કંઠે સ્તવના કરી રહ્યા હતા :

*સુખના હો સિંધુ રે, સખી મારે ઉલ્લસ્યા રે;*
*દુઃખના તે દરિયા નાઠા જાયે દૂર... સખી મારે ...*

જાણે કે અમારા મનોભાવને જ વાચા મળી રહી હતી !

શુકનથી શબ્દ આગળ; શબ્દ એ તો જીવંત શુકન છે.

સ્તવનના શબ્દોને આમ હર્ષભેર વધાવી આનંદથી પુલકિત થતાં યાત્રા આરંભી; પહેલે પગથિયે પગ દેતાં જ વળી એક સ્તવનના શબ્દોએ જાણે અમારું સ્વાગત કર્યું !

*ધન ધન દા'ડો રે, ધન વેળા ઘડી રે...*

દુર્લભ ક્ષણો હતી. પગ એકેકું ડગલું ભરતું હતું પણ મન તો દોટ મૂકી દાદાને દરબાર પહોંચી જવા તલસતું હતું.

ઉપર જઈને શું શું કરવાનું છે, પહેલાં શું, પછી શું; એમ ક્રમ મનમાં ઘડાઈ રહ્યો હતો, ગોઠવાઈ રહ્યો હતો. મન અને ઇચ્છાઓની જાણે હોડ લાગી હતી એમાં ઇચ્છાકુંડ ક્યારે પસાર થઈ ગયો એની ખબરે ય ન પડી ! કુમારકુંડ આવ્યા ત્યારે અજવાળું સરખું થઈ ગયું હતું. કુમારકુંડમાં ડોકિયું કર્યું તો જાણે તળીયે ભારતનો રોડ-મૅપ પાથરી દીધો હોય એવું દેખાયું ! કુંડ સાવ કોરોકટ ! સુકોભઠ્ઠ ! તળિયે માટી તાપથી તરડાઈ ગઈ હતી અને તેમાં જાતજાતનાં આડા-અવળા, લાંબા-ટૂંકા લીંટા જ પડેલા હતા. છેક રામપોળ સુધીના બધા કુંડો જોયા. બધા જ આવા શુષ્ક; પાણીનું એક ટીપું ન જોયું. યાત્રાનો રસ્તો ખુલ્લો અને શાંત હતો. યાત્રીઓ ખાસ ન હતા, અભિષેકને કારણે આવેલા કેટલાક યાત્રીઓ અમારી સાથે-સાથે ગિરિ આરોહણ કરી રહ્યા હતા.

"જય શત્રુંજય" ના ઘોષ સાથે અમે રામપોળમાં થઈ આગળ વધ્યા. આતુરતા વધતી જતી હતી. શ્રી શાંતિનાથ ભગવાનના દેરે દર્શન કર્યાં ન કર્યાં ને ભલી આવી રતનપોળ. આજે પગ તો થાકવાના જ ન હતા પણ આંખો વિશ્રામ શોધી રહી હતી. થોડાં પગથિયાં અમે ચડ્યાં ને દાદાનાં પાવક દર્શન થયા ! નયન તૃપ્ત થયા ! પ્રાર્થના કરી, સ્તવના કરી, ચૈત્યવંદન કરી, હું, રાજહંસવિજયજી, હેમેન્દ્રભાઈ ચાવાળા, લલિતભાઈ મદ્રાસવાળા, ચંદુભાઈ ઘેટીવાળા, રસિકલાલ નંદલાલ વગેરે બધા સાથે મળીને અભિષેકની સામગ્રી મેળવવા, ગોઠવવામાં પરોવાઈ ગયા પણ મનમાં પ્રભુ રમતા હતા.



બધી સામગ્રી વ્યવસ્થિત રીતે પહોંચી હતી. સામગ્રી ભરપૂર હતી, કોઈ કસર ન હતી. અભિષેક પહેલો, અભિષેક બીજો એમ તારવી તારવીને બધું જ અંકે કરતા ગયા અને સહસ્રકૂટની દેરીમાં ભીંત ફરતે એ બધું ક્રમ પ્રમાણે ગોઠવાતું ગયું. દરેક કુંડીઓ પર કાગળની ચબરખી પર વિગત લખી લખીને લગાવાતી ગઈ.

વિધિકારકો આવી ગયા હતા. સંગીતકારો સાજીંદાઓ સાથે સજ્જ થઈ તૈયાર હતા. સૂર-તાલ મેળવાઈ રહ્યા હતા. સૌ કોઈના ચહેરા પર ઉમંગ તરવરતો હતો.

જંબૂવિજયજી મહારાજ બધી દેખભાળમાં વ્યસ્ત હતા. આ.ક. પેઢીના કર્મચારીઓ બધી પૂરક સામગ્રીઓ જોગવવામાં ખડે પગે હતા. પેઢીની પરંપરા મુજબ આદેશો અપાઈ ગયા હતા. અને એ લાભ લેનાર ભાવિકો પણ ઉભરાતા ઉલ્લાસ સાથે ઉત્સુક હતા. સૌ કોઈના મુખને એક અપાર્થિવ તેજની આભા ઉજમાળ કરી રહી હતી.

જે જે ઉત્તમ સામગ્રીઓ જેવી કે મોતી, પ્રવાલ, માણેક તથા ખસ, ગુલાબ, મોગરો વગેરેના કનોજીયા અત્તરના બાટલાઓ હતા તે તો આજે અશેષપણે ઉપયોગમાં લઈ લેવાના છે, એક બિંદુ પણ બચાવવાનું નથી -- આ સમજ પાકી હતી. આવા અદકેરા ભાવ હતા.

રંગ-મંડપમાં આચાર્ય ભગવંતો બિરાજમાન હતા. આ. શ્રી યશોદેવસૂરિ મહારાજ, પં શ્રી કલ્યાણસાગરજી મહારાજ, આ. શ્રી હેમપ્રભસૂરિ મહારાજ આદિ ઉપસ્થિત હતા. વિશાળ સંખ્યામાં સાધ્વીજી મહારાજ પણ હાજર હતા.

સૂરતથી પધારેલા ફકીરચંદભાઈ તથા અન્ય વિધિકારકોએ આત્મરક્ષા કરાવીને नमोऽर्हत् ના ઉચ્ચાર કર્યા. મંત્રનાદથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું.

દાદાના દેરાસરના ગર્ભગૃહમાં, રાયણ પગલાંએ તથા પુંડરીકસ્વામીના દેરાસરના ગર્ભગૃહમાં પહેલા અભિષેકની સર્વ સામગ્રી પહોંચાડાઈ હતી. આ ત્રણે સ્થાને એકસાથે અભિષેક થવાના હતા. કુસુમાંજલિમાં માત્ર જૂઈ-જાઈનાં સફેદ ઝીણાં કુસુમો છાબ ભરી-ભરીને અપાયા હતા - सुवर्णद्रव्यसंयुक्तं ० એ પહેલા અભિષેકનું જળ, જે જળમાં કેસૂડાનાં ફુલોની સૂકી પાંદડીઓ, સુગંધી વાળો વગેરે દ્રવ્યો એ આધારજળમાં સારી રીતે ઘૂંટીને ભેળવવામાં આવ્યાં હતાં, તે જળમાં તે તે અભિષેકની ઔષધિ-દ્રવ્યો મંત્રોચ્ચારપૂર્વક વાસક્ષેપ કરીને ભેળવવામાં આવ્યાં અને ક્રમ મુજબ જ્યારે જે અભિષેક આવે ત્યારે આ સામગ્રી મોટા પાત્રમાં ભરી ત્રણે જગ્યાઓએ મોકલવામાં આવતી. વાતાવરણ દિવ્ય સુગંધથી ભર્યું-ભર્યું બની ગયું હતું.

પહેલાં, બીજા અને ત્રીજા અભિષેક પછી ચોથો, मङ्गलमृत्तिका નામનો અભિષેક આવતો હતો. ત્રીજા અભિષેક બાદ નાની નાની થાળીઓમાં મૃત્તિકાનું પ્રવાહી બધે મોકલાવાયું. આ મુલાયમ મૃત્તિકા વડે હળવે હાથે જિન-બિંબને મર્દન કરાવાયું. આવા મુલાયમ મર્દન-લેપન થતાં પ્રભુજીની પ્રતિમાની પ્રતિભા દેદીપ્યમાન થઈ ! આવું રૂપાળું સ્વરૂપ જોતાં સંગીતકાર ગજાનનભાઈની સૂરીલી પંક્તિઓ મનમાં ગૂંજવા લાગી.

*રંગ રંગ રેલી,*
*કલિયુગની કલ્પવેલી,*
*આદિનાથની મૂરતિ અલબેલી.*

વિલેપનની પૂર્ણ અસર બિંબને બરાબર સ્પર્શે ત્યાં સુધી થોડી વાર વિલેપન એમ જ રહેવા દીધું.



એ દરમિયાન રંગમંડપમાં ભક્તિભાવનો રંગ બરાબર જામ્યો હતો.

સંગીતના સૂર રેલાતા રહ્યા. ગીતો ગવાતાં રહ્યાં.

લયબદ્ધ ચામર-નૃત્ય અજબ દશ્ય રચતું રહ્યું.

દીપમાળાની હાર ચોતરફ પ્રગટી હતી.

સંગીતને સાથ આપતો ધીમો-ધીમો ઘંટારવ ગૂંજી રહ્યો હતો.

અને આ બધાંની સાથે હર્ષવિભોર બનેલા ભક્તજનોનો લયબદ્ધ કરતલ ધ્વનિનો ગુંજારવ રંગમંડપને ઓળંગીને સમગ્ર પરિસરમાં છવાઈ રહ્યો.

ભક્તિની છોળથી વાતાવરણ ભીંજાઈ રહ્યું હતું.

સ્થળ-કાળને ભૂલી સહુ કોઈ દાદામય બની ચૂક્યા હતા.

વર્ષો પહેલાં, વિ. સં. ૧૫૮૭ ના વૈશાખ વદ છઠ્ઠ રવિવાર શ્રવણ નક્ષત્રના દિવસે આચાર્યપ્રવર શ્રી વિદ્યામંડનસૂરિ મહારાજ વગેરેની પાવનનિશ્રામાં કર્માશાહ સાથેનો આખો સમૂહ જેમ પ્રભુમય બની ગયો હતો તેમ આજે આ નાનો સમુદાય સ્વને ભૂલીને શાશ્વતીના લયમાં ઓગળી રહ્યો હતો.

ભક્તિમાં મગ્ન એવા આ ભક્તોને ખલેલ પહોંચાડ્યા વિના, આ બાજુ અભિષેકનો ક્રમ સાચવવાનું મુનાસિબ લાગ્યું. મંગલમૃત્તિકા પછી પંચગવ્ય એમ ક્રમશઃ અભિષેકની ધારા આગળ ધપતી રહી.

સાતમો અભિષેક ... પ્રભુજી અભિષેકની ધારામાં ભીંજાયા ...

ત્યાં જ -- ઈશાન ખૂણામાંથી પવન શરૂ થયો !

પવનની પાંખે વહી આવતી, માટીની ભીની ભીની સુગંધભરી લહેરખી સમગ્ર અસ્તિત્વને વીંટળાઈ વળી. રંગમંડપની બહાર ઊભેલા લોકો તો ઊંચે આકાશમાં મીટ માંડી જોવા લાગ્યા. અરે ! આ શું ? અત્યાર સુધી સાવ કોરાકટ એવા આ આકાશમાં આમ અચાનક, મોટાં-મોટાં અને કાળાડિબાંગ વાદળો ક્યાંથી આવ્યાં ?

આશ્ચર્યની અવધિ તો હવે થઈ !

જોતજોતામાં તો આખું આકાશ વાદળ-વાદળ થઈ ગયું.

વિસ્ફારિત નેત્રે સહુ જુએ છે તો થોડા થોડા ફોરા પણ પડવા લાગ્યા !

અમી-છાંટણાં થઈ રહ્યા છે એ આનંદની, હરખની એક-બીજાને આપ-લે કરે ન કરે એટલાંમાં તો મેઘરાજા મન મૂકીને સાંબેલાધારે વરસી પડ્યા.

અભિષેક દરમિયાન હવે મુદ્રા-દર્શન કરાવતી વેળાએ, દાદાના દેરામાંથી રાયણ પગલે પહોંચતાં પૂરી પંદર મિનિટ થઈ ! જંબૂવિજયજી મહારાજની કાયાને સાચવવી પડી. આમે ય રાયણ-પાદુકાએ તો વાયુ દેવતાની સતત હાજરી હોય છે જ. અત્યારે તો સ-પરિવાર, સાયુધ અને સાલંકાર પધાર્યા હોય એમ લાગ્યું. પહેરેલાં વસ્ત્રો પણ માંડ સચવાયા. દેવતાધિષ્ઠિત નીલુડી રાયણનો આજનો ઠાઠ કંઈ ગજબનો હતો. તેના પાન પાનથી હરખનાં આંસુની ધારા અનરાધાર વરસતી હતી.



હવે વરસાદની ઝડીઓ એવી તો વીંઝાવા લાગી કે એકાએક આ શું બની રહ્યું છે એ કળવું મુશ્કેલ બન્યું. ગર્જારવ એવો શરૂ થયો કે જાણે મોટી-મોટી શિલાઓ દુકાળને દૂર તગેડી દેવા મેદાને પડી ન હોય ! અરે, ધોળે દહાડે વીજળીના ઝબકારા દેખાયા.

"अमोघा वासरे विद्युत्" એ વચન યાદ આવી ગયું.

સહુના તન-મન આહ્‌લાદક રોમાંચ અનુભવવા લાગ્યા.

બહાર હતા એ બધા રંગમંડપમાં સાંકડ-મોકડ ભરાઈ ગયા.

રંગમંડપમાં તો કાળી રાત જેવો અંધકાર છવાયો હતો.

પાટ પર ગોઠવાયેલા ઝબૂકતા દીવાઓની શ્રેણિ આ અંધકારને ભેદીને અદ્‌ભુત દૃશ્ય રચતી હતી. વરસાદનો ભીનો પવન આવી આવીને આ દીપમાળાઓને ધન્યવાદ આપી જતો. અને દીપકો પણ આ ધન્યવાદ ઝીલતાં સ્હેજ નમીને ફરી પાછા કામે લાગી જતા. ભાવિકોના સંગીત-નૃત્ય તો વાજિંત્રના સાથમાં પ્રકૃતિને દાદ આપી રહ્યાં હતાં.

પુરુષાર્થ અને પ્રકૃતિની આ અજબ જુગલબંદી બની હતી.

અંદર ગભારામાં દાદાના અભિષેક સાથે બહાર સમગ્ર સૃષ્ટિના અભિષેક ચાલુ થઈ ગયા હતા. ચોધારે નહીં પણ નવલખ ધારે મેઘ વરસતો હતો. આ પ્રસંગને શોભાવવા જેસરવાળા શાંતિભાઈ લકી આજુબાજુના ગામડાઓમાંથી ચાલીસ જેટલા ઢોલીઓને લાવ્યા હતા. સગાળપોળના ચોકમાં આ બધા ઢોલીડાઓ રંગમાં આવી નાચતા જાય અને પેલા ગીતની કડી : “ઢોલીડા, ઢોલ તું ધીમો વગાડ મા” મુજબ જોરજોરથી વગાડતા જાય; ભલે આજે ઢોલ પર છેલ્લી દાંડી પડી જાય ! મન મૂકીને તેઓ પોતાની બધી શક્તિ નિચોવવા લાગી ગયા હતા. ઢોલીડાઓની આ ધ્રાંસ છેક તળેટીએ સંભળાતી હતી. ગિરિરાજની નીચેના જીવાપર, ડુંગરપર, રોહિશાળા, હાથસણી, આદપર વગેરે ગામના માણસો બોલતા હતા કે આજે ડુંગર ઉપર કંઈક છે.

ઢોલીડાઓએ તો બધડાટી બોલાવી દીધી. ચારે બાજુનું વાતાવરણ સમગ્ર બદલાઈ ચૂક્યું હતું. બારે મેઘ ખાંગા થયા હતા.પૃથ્વી અને આકાશ આજે એકાકાર થયા હતા. કુદરતે એના ખજાના ખુલ્લા મૂકી દીધા હતા. જંબૂવિજયજી, હું, રાજહંસવિજયજી વગેરે બધાના હૈયામાં હર્ષ માતો ન હતો. “स्वप्नो नु माया नु मतिभ्रमो नु” (આ સ્વપ્ન છે ? કોઈ દૈવી માયા છે ? કે આપણો મતિભ્રમ છે ?)એવા તર્ક-વિતર્ક મનમાં ઊઠવા લાગ્યા !

અભિષેકની વિધિનો દોર આગળ ચાલતો રહ્યો.

સૂર્ય-ચંદ્ર દર્શન દર્શાવવાની તો આજે આકાશે ના કહી ! આજે આકાશમાં મેઘ સિવાય કોઈનું સામ્રાજ્ય નહીં.સહસ્રકિરણોવાળા સૂરજદાદાને પણ ઢાંકી દીધા.

દાદાના અઢાર અભિષેક પૂરા થવામાં હતા. સત્તરમો અભિષેક ચાલી રહ્યો હતો.

અમે ફરી ગર્ભગૃહમાં પહોંચ્યા.

“कर्पूरोदकधारा” બરાબર પ્રભુજીના મસ્તકેથી સમગ્ર કાયા પર એક પાતળું સુગંધીદાર આવરણ રચતી નીચે જઈ રહી હતી. કપૂરની ઠંડી આહ્‌લાદક સૌરભ આખા ગભારામાં છવાઈ રહી. અભિષેક કરનાર પ્રત્યેક ભક્તજનના ચહેરા પર પણ સંતોષથી મઢેલી ચમક છવાઈ રહી. છેલ્લો અઢારમો અભિષેક પૂરો થયો, થાળી વાગી અને અમે સહુ રંગમંડપની બહાર આવ્યા.

વરસાદ જરા વિરમ્યો હતો. તેણે અલ્પ વિરામ લીધો હોય એવું લાગ્યું. વરાપ નીકળ્યો. સવારનો ઉનો લ્હાય જેવો દઝાડતો તડકો હવે કૂણો થયો હતો. आज्ञाहीनं વગેરે શ્લોકના ઉચ્ચાર કરીને પ્રભુની ક્ષમાપના કરી, પ્રાર્થના કરી, અભિષેકની વિધિપોથી સંકેલી હવે નતમસ્તકે અને હસતે મોંઢે દાદાનાં દર્શન કરી કૃતજ્ઞતા પ્રગટ કરી. શ્રી પુંડરીકસ્વામીનાં દર્શને આવ્યા. મનમાં વિચારોની ઘટમાળ ચાલતી હતી. એક વિચાર ઝબક્યો. આજની ઘડી રળિયામણી ! અને યાદગાર પણ છે. જીવનની ધન્ય ક્ષણ છે. દાદાએ આજે સામું જોયું છે. દાદાએ હોંકારો ભણ્યો છે ! એની અખૂટ કૃપાના દર્શન કરાવ્યાં છે. તો આજની ખુશાલીમાં એક ઉપવાસ કરી લઈએ. મન ધરાઈ ગયું છે. હૈયું ઓવારી ગયું છે. ચિત્તમાં આનંદના પૂર વહ્યાં છે.



વળતાં, જંબૂવિજયજી મહારાજ સાથે જ, ભીના ભીના પગથિયે પવનથી સૂકા થયેલા ખૂણે-ખૂણે પગ મૂકતાં મૂકતાં દાદા પ્રત્યેની અહોભાવની છાલકથી ભીંજાતા ભીંજાતા રામપોળની બહાર આવ્યા. થોડે આગળ વધતાં, જાલી-મયાલી-ઉવયાલીની મૂર્તિ પાસેની બખોલમાંથી તેની ઉપરના અદીઠ પોલાણમાંથી એક અનામી ઝરણું વહી આવતું જોયું. પછી તો આગળ હનુમાનધારાની નીચે ભૂખણદાસના કુંડમાં જાયું તો કુંડ છલકાઈ ગયેલો અને બધું પાણી તો પાસેના પગથિયા ઉપર થઈને નીચે દોડતું જતું હતું. ઝડપી ચાલીને છાલાકુંડ આવ્યા. આમ નીચે જોયું તો શેત્રુંજીના જળ ચળકતાં હતાં.

જંબૂવિજયજી મહારાજના મુખથી રોચક શૈલીમાં કર્માશાહના ઉદ્ધારની રસતરબોળ કથા ચાલુ હતી.ઉત્તરોત્તર જિજ્ઞાસા વધતી હતી. હેં ? શું કહો છો ? એવું હતું ? ના હોય ! આવા ઉદ્‌ગારોની વણથંભી વણજાર ચાલતી હતી. બધું સાંભળતાં સમજતાં મન અહોભાવથી છલકાતું હતું. આ તરફ પણ ન્હાઈને ઉજળા થયેલાં વૃક્ષોના પાંદડાં પરથી અમૃત ટપકી રહ્યું હતું. પગથિયાંઓ પરથી પાણી સતત દદડી રહ્યું હતું. જતી વખતે જે કુંડો ખાલીખમ હતાં તે બધા છલકાઈ ગયા હતા. બધા જ કુંડમાંથી પાણી ઉભરાઈને પગથિયા પર થઈને વહી રહ્યું હતું. સર્વત્ર જળબંબાકાર જણાતું હતું.

આકાશ ચોખ્ખું થતું હતું. તેનો ભૂરો-ભૂરો રંગ મન અને નયનને ઠંડક આપી રહ્યો હતો. મન અને તનમાં ઉત્સાહના ફુવારા ઊડી રહ્યા હતા. રુંવાટે રુંવાટે તૃપ્તિ નીતરી રહી હતી. બહાર ને અંદર શીતળતા વીંટળાઈ વળી હોય એવું લાગતું હતું. જાણે જીવન ધન્ય બન્યું ! જંબૂવિજયજી મહારાજે કરેલું કર્માશાના ઉદ્ધારનું વર્ણન કર્ણમાર્ગે થઈ હૃદયે પેસી પોતાનું આસન જમાવતું હતું.

અભિષેક વખતે એકબીજાના મનમાં કેવાં કેવાં સંવેદન જાગ્યાં ?

अहअहमिकया (હું પહેલો, હું પહેલો) એ રીતે બધા કહી રહ્યા હતા.

સહુને કાંઈ ને કાંઈ કહેવાનું હતું. જાણે સહુ એકબીજાના મનની વાત જ કહી રહ્યા હતા.

અમે તળેટી નજીક આવી રહ્યા હતા. ઉપરથી જોતાં પાલિતાણા શહેરનો વિસ્તાર અને આજુબાજુની નાની-નાની પર્વતમાળા, તડકા અને છાંયડાની સંતાકુકડીથી રમ્ય દીસતી હતી.

ગઈ કાલ સુધી જે બધું ભૂખાળવું અને વિકરાળ ભાસતું હતું તે બધું આજે રમ્ય અને ભવ્ય લાગતું હતું. પ્રભુએ આજે અનરાધાર કૃપાથી આપાદમસ્તક નવરાવ્યા હતા. રાજા જેમ સારા સમાચાર લાવનાર દાસીને धौत मस्तका (કાયમને માટે દાસીપણું મીટાવી દે) બનાવે તેમ આજે પ્રભુએ વિપરીત કર્યું. કાયમ માટેનું પ્રભુનું દાસપણું અંકે કરી આપ્યું ! કરારનામા પર પ્રભુએ સહી કરી દીધી.

“ધન ધન દાડો રે, ધન્ય વેળા ઘડી રે ” એ શબ્દો સાર્થક બન્યા.

આવા વિચારોમાં બાબુનું દેરું અને તળેટી ક્યારે આવ્યાં તે ખબર ન રહી. ગિરિ-ચરણે વિદાય પ્રણામ કરીને આગળ વધ્યા. જંબૂવિજયજી મહારાજને વિશાનીમામાં જવાનું હતું. એ રસ્તો આવી ગયો, પણ તેઓ ત્યાં ન વળ્યા અને કેસરીયાજીનગર સુધી આવ્યા. તેમનું મોં મરક-મરક થયા કરતું હતું. મોં પર પ્રભુના તેજની આભા તરવરતી હતી. મેં કરેલાં ઉપવાસથી તેઓ પ્રમુદિત થયા હતા.



સાંજ પડતાં ફરી કાળાં-કાળાં વાદળાં ચડી આવ્યાં. આકાશ ગોરંભાયું અને એ જ ક્રમથી ઝડીઓ શરૂ થઈ. જાણે હેલી મંડાઈ ! ગામ લોકોએ ઘણાં વર્ષે આવો, મન મૂકીને વરસતો વરસાદ જોયો. ડોળીવાળા ભાઈઓ, પાણીવાળી બાઈઓ અને ઘોડાગાડીવાળા - આ બધાના મોંમાં એ દિવસે એક સાથે રામ વસ્યા હોય તેવું લાગ્યું. કોઈ કહે, “આદેસર દાદા સાચા છે. ખરી મહેર કરી. જુઓને ! ઘડીમાં કેવો ખંગ વાળી દીધો !

એક ડોળીવાળા દાદા તો આકાશ તરફ હાથ કરી કહે :

*"માણસ મહેનત કરે એક દિ'માં વીઘું ખેડે,*
*દીનોનાથ દીયે નવખંડ ઓછા પડે."*
*"જુગ જુગ જીવો આદેસર દાદા."*

વળતે દિવસે ગામ-પરગામના, ગુજરાત - સૌરાષ્ટ્ર અને કચ્છ સુદ્ધાનાં છાપાંમાં ખુશ-ખુશ થઈ જવાય એવા આ સમાચાર આવ્યા.

"રાજા તો મેઘ રાજા, ઔર રાજા કાયકા " એમ પ્રશંસા વેરતાં લખાણો, સમાચારો આવ્યાં. નદી, તળાવ, વોંકળા, વહેળા, કૂવા, વાવ બધાં છલકાયાંના ખબર છપાયાં. કંઈક જાદુ જ થયો. કચ્છના એક છાપાંમાં તો તેમના નવા વર્ષ - અષાઢી બીજના સર્વત્ર થયેલા વરસાદના સમાચાર છાપતાં લખેલું:

*"હાથ ફર્યો કિરતાર તણો ત્યાં સૃષ્ટિ ગઈ બદલાઈ;*
*જલ-સ્થળ નભ જ્યાં જ્યાં નીરખું ત્યાં યૌવન લે અંગડાઈ."*

*"મૂશળધાર વરસતાં વાદળ, જળની હેલી આવી;*
*ઝરણાં છલક્યાં, સરિતા દોડી, સાગરમાંહી સમાઈ."*

માણસ કરે તો શું કરી શકે ? અને કુદરતને કરવું હોય તો ઘડીમાં કેવો પલટો આણી દે છે એ બધાએ જોયું અને અનુભવ્યું.

હૈયે હરખ માતો ન હતો. બીજે દિવસે પણ મેં ઉપવાસ કર્યો. પરિણામની ધારા ચડતી રહી. ત્રીજે દિવસે પણ ઉપવાસ થયો. દાદાના અભિષેકની ઉજવણીમાં અનાયાસ અઠ્ઠમ થયો, પ્રસન્નતાપૂર્વક થયો. હજુ પણ અભિષેકનાં દૃશ્યો મનમાં જ ઘોળાયા કરતાં. એક-એક પ્રસંગના વિચાર પડઘાયા કરે; જે મળે તેને આ જ વાતો કરતાં રહેવાનું મન થાય ! અમારા મિત્ર મુનિ શ્રી ધુરંધર મહારાજને આ ખબર આપવા બેઠો અને અનુષ્ટુપની પંક્તિઓ એક પછી એક એમ સહજ ઊતરવા લાગી એટલે આ આનંદને કાવ્યના વાઘા પહેરાવીને પત્ર દ્વારા મોકલી આપ્યો. વહેંચવાથી આનંદ બેવડાયો. (એ કાવ્ય-પંક્તિઓ આ અંકમાં અન્યત્ર આપી છે.)

જેણે જેણે આ અભિષેક હાજર રહીને માણ્યો એ બધાને તો જીવનભરનું એક યાદગાર સુકૃત જમા થઈ ગયું. ધન્ય તે લોક, ધન્ય તે નગર, ધન્ય તે ક્ષણો.

જ્યારે મન ધરપત મેળવે છે, તૃપ્તિ અનુભવે છે, સુખનો તોષ પામે છે ત્યારે તેને પ્રગટ કરવામાં શબ્દો વામણા પુરવાર થાય છે. "મન મસ્ત ભયા તબ ક્યોં બોલે !" એ સમયે આ બધું લખી શકવાની મનઃસ્થિતિ તો ક્યાંથી હોય ? આજે હવે તેને શબ્દમાં સમાવી શકાયા છે એટલે આ લખતાં જાણે એ ક્ષણો ફરીથી જીવી રહ્યો છું ! આ આનંદ તમને બધાને વહેંચીને એનો વિસ્તાર સાધ્યો. ઊંડાણ તો સધાયેલું હતું જ. તેથી તો આજે ચૌદ વરસે પણ ચિત્તના ચિદાકાશમાં વૃક્ષ ઉપરની લકીરની જેમ વધવા સાથે અકબંધ સચવાયેલો રહ્યો છે. બોરસલીના ફૂલની જેમ - સમય જેમ જેમ વીતે તેમ તેમ એ ઘટના પુરાતની બને છે તેમ - તેની સુગંધ વધુ મહેકે છે.



"જય શત્રુંજય !
જય આદીશ્વર !
જય જિનશાસન !"

— પ્રદ્યુમ્નસૂરિ

PRINTED BOOK



# કાવ્ય આસ્વાદ

પદ્યમાં રચતાં પત્ર, પત્રમાં પદ્ય ગૂંથતા;
શ્લોકના વેલ-બુટ્ટાથી, શોભતો પત્ર સાંપડ્યો.-૧

ભીંજાયા સ્નેહથી આપ, સ્નેહથી ભીંજવ્યો મને;
ભીંજાયા સ્નેહથી જે હો, ભીંજવ્યા વિણ ન રહે.-૨

ભીંજાવું મેઘથી જાણ્યું, અન્ય શું ભીંજવી શકે;
સ્વયં જે હોય ના આર્દ્ર, અન્યને આર્દ્ર શું કરે.-૩

અહીં તો સૂપડાધારે, મેઘે માઝા મૂકી દીધી;
ત્રણ વર્ષ તણી પ્યાસ, ક્ષણોમાં છીપવી દીધી.-૪

વ્યોમ ને વસુધા જ્યારે, એકાકાર બની રહ્યા;
અંધારપટમાં ત્યારે, વિશ્વ સારું ડૂબી ગયું.-૫

સહસ્રાધિક ધારામાં, ધરા ન્હાઈ ધરાઈ ને;
શુષ્કતા મેલ ને તાપ-તૃષા તો પળમાં ગઈ.-૬

ઘણાએ મેઘધારામાં, નખશીખ ઊંચે નીચે;
પલળ્યા, ઉજળ્યા, ન્હાયા, બાગ બાગ બની રહ્યા.-૭

દાદાના ઔષધિપૂર્ણ, અભિષેક થયા તદા;
ગિરિ ને ચૈત્યના મેઘે, અભિષેક પૂરા કર્યા.-૮

શ્રી દાદાના થયા જ્યારે, અભિષેક ગિરિવરે;
તે દિ' થી મેઘ મંડાણો, લોક ગાંડું બની રહ્યું.-૯

ચઢ્યા ત્યારે દીઠા કુંડો, ખાલી ખાલી બધા હતા;
વળતાં જોયું તો કુંડો, પાણીથી છલકી રહ્યા.-૧૦

વસુધાએ નવો સાળુ પહેર્યો છે કિનખાબનો;
ધોળાં પીળાં ભૂરાં લાલ બુટ્ટાઓથી મઢ્યો મઢ્યો.-૧૧

— પ્રદ્યુમ્નસૂરિ

જે વર્ણન વિસ્તારથી હમણાં જ આગળનાં પાનાંઓમાં વાંચ્યું તેનો થોડો ભાગ અહીં પદ્યમાં ગૂંથવામાં આવ્યો છે. શબ્દો સરળતાથી વહી આવ્યાં છે. વર્ષાનું વર્ણન દાદાના અભિષેકના દશ્યોને હૃદયમાં રાખીને થયું છે. કાવ્યના શબ્દો વાંચવાથી અર્થ સમજાઈ જશે. ર

પ્રા. નવીનભાઈ હીંમતલાલ શાહની પૂણ્ય-સ્મૃતિમાં તેમના પરિવાર શ્રી વનલીલાબહેન શાહ તથા ડૉ. પંકજ, ભાઈ નિશીથ અને બહેન મયુરી (C/o. ડૉ. પંકજ શાહ. ગૅલેક્ષી કૉમર્શીયલ સૅંટર, જવાહર રોડ, રાજકોટ-૧) ના સૌજન્યથી આ વિશેષ અંક તૈયાર થયો છે.

If undelivered, Please return to :-
**પ્રકાશક :** બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી,
**રમેશ શાહ** (સંપાદક) **પાઠશાળા**
૭૦૩, નૂતન નિવાસ ભટાર માર્ગ, સૂરત : ૩૯૫ ૦૦૧

નટરાજ પ્રિન્ટર્સ, સૂરત. ફોન: ૭૪૨૮૮૪૧